જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૨/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૩૬૮/૨૦૨૦**

# પાસા અટકાયતીની વિગત

## પાલડી પોલીસ સ્ટેશન :

### વ્હીકલ ચોરી સંબંધી ગુનામાં સંડોવાયેલ રીઢા ગુનેગારની પાસા હેઠળ અટકાયત કરતી પાલડી પોલીસ

પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૧૦૪/૨૦૧૮ ઈ.પી.કો કલમ- ૩૭૯ મુજબ તથા ગાયકવાડ હવેલી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૬૬/૨૦૨૦ ઈ.પી.કો કલમ- ૩૭૯ મુજબના કામે આરોપી સમીરખાન ફરીદખાન પઠાણ ઉ.વ. ૩૯ ધંધો- રીક્ષા ડ્રાઇવિંગ રહે, સરસપુરા મીલ કમ્પાઉન્ડના છાપરા ફૈઝીન સ્કુલની પાછળ સરસપુર અમદાવાદ શહેર તથા મુળ રહે- એ/૭૩,ખુશ્બુનગર દાણીલીમડા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરની કચેરીના પાસા હુકમ નં ક્રમાંક/પીસીબી/ ડીટીએન/પાસા/૧૭૫/૨૦૨૦ તા.૧૩/૦૨/૨૦૨૦ નો પાસા અટકાયતી તરીકે રાખવાનો હુકમ થયેલ હોય પરંતુ સદર પાસા અટકાયતી નામદાર સેશન્સ કોર્ટમાં જામીન મંજુર થયેલ હોય તેમ છતાં નામદાર કોર્ટમાં જામીન નહી લેવડાવી તેમજ પાસા અટકાયત તરીકેની ધડપકડને ટાળવા સારુ બીડુ સેન્ટ્રલ જેલ સાબરમતી ખાતે જમા નહી કરાવતા મે.મેટ્રો.કોર્ટ નં.૧૨ તથા ૨૨ માંથી સેન્ટ્રલ જેલ ખાતે પાસા હુકમની બજવણી કરવા સારુ મંજુરી હુકમ મેળવી આજરોજ ઉપરોક્ત હુકમની બજવણી સેન્ટ્રલ જેલ સાબરમતી ખાતે પો.સ.ઇ એમ.એમ.સીધીં સાહેબનાઓને મોકલી કલાક ૧૨/૦૦ વાગે હુકમની બજવણી કરાવી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે અટકાયતમાં રહેવા માટે જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપવાની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.